## સમાજની નરી વાસ્તવિકતાનો ચિતાર આપતી વાર્તાઓઃ 'ગર્ભગાથા'

હિમાંશી શેલતકૃત 'ગર્ભગાથા' વાર્તા સંગ્રહમાં કુલ સાત વાર્તાઓ સમાવેશ પામી છે. આ વાર્તાઓમાં સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓ આલેખન પામી છે. સ્ત્રીની સૌથી મોટી સમસ્યા એ છે કે પોતે સ્ત્રી છે. પોતે જાતિને કારણે પુરુષથી અલગ પડે છે. સ્ત્રી કયારેય સ્વતંત્ર હોતી નથી. લગ્ન પહેલા પિતા અને ત્યાર બાદ પતિ એને સ્વતંત્ર થવા દેતા જ નથી. આપણે ત્યાં સીતા હોય કે શકુન્તલા હોય પણ સ્ત્રી હોવાને કારણે એને સહન કરવુ પડે છે. વાર્તાસંગ્રહની નાયિકાઓએ પણ પોતે સ્ત્રી હોવાને કારણે કંઈકને કંઈક સહન કરવુ પડે છે. અહીં કેવળ વાર્તાઓને આસ્વાદક ભૂમિકાએ તપાસવાનો અને માણવાનો ઉપક્રમ રાખ્યો છે.

'મૃત્યુદંડ' વાર્તાનો કથક વાર્તાકાર પોતે છે. આથી વાર્તાને કયા સાધનો વડે ગતિ આપવી અને કઈ જગ્યાએ બ્રેક મારવી તે સારી પેઠે જાણે છે. શરૂઆતમાં વાર્તા કથક મૂંઝવણ અનુભવે છે. વાર્તા લખવી કે ન લખવી, ન લખવા પાછળના કારણો કયા કયા છે વગેરે. સમગ્ર વાર્તાનુ આલેખન વાર્તા કથકની નજર સામેથી થયેલુ જોવા મળે છે.

એક દિવસ વાર્તા કથકને ત્યાં લાખી આવે  છે ત્યાંથી વાર્તાની શરૂઆત થાય છે. લાખી ગરીબ, રોતલ અને અશિક્ષિત સ્ત્રી છે. તેને પોતાનુ કોઇ સંતાન નથી. એક દીકરો હતો  એ પણ અકસ્માતમા મૃત્યુ પામ્યો. આવી ગમાર અને અશિક્ષિત લાખી લેખિકાને પશ્ન કરી ઊઠે છે કે : "આજ અખબાર પઢ્યા?" એવી કઇ ઘટના બની છે જેને કારણે લાખીની માનસિક સ્થિતિ ખોરવાઇ જાય છે. પોતે ગભરાયેલી અને કંપન અનુભવે છે. એ જ લાખી આવો અસાધારણ સવાલ કરી બેસે છે. વળી આગળ ઉદ્ગારે છે : " સબ બોલે કે જુગન કો તો અબ...." અને અધ્યાહાર છોડી દે છે. લાખી ભાવકના ચિત્તમાં પ્રશ્નો છોડી દે છે. જુગન કોણ છે? જુગન સાથે કઇ ઘટના બની છે? જુગન અને વાર્તાને શું સંબંધ છે?

જુગન લાખીની બહેન ધનવંતી અને શંભુનો છોકરો છે. ધનવંતી અને શંભુ રોટલો રડવા મધ્યપ્રદેશથી અહીં વસ્યા હતા. વિધિની વક્રતા એવી હતી કે શંભુ અને ધનવંતીના લગ્નને પંદર વર્ષથી વધુ સમયગાળો થયો હોવા છતા એમને સંતાન સુખ ન હતુ. આથી એ દંપતીએ વૈદ-હકીમ-ભુવા-પીર-બાધા-આખડી-જંતરમંતર અનેક કામણટૂમણ કર્યા. પરંતુ સફળતા હાથે લાગી નહિ. બાળકની લાલસાએ ધનવંતી અને શંભુની હાલત રોજેરોજ કથળતી હતી. લોકો ધનવંતીએ કોઇ મોટો ગુન્હો કર્યો હોય એમ નાલોશી ભરી નજરે જોઇ રહયા હતા. ઓલાદ માટે બન્ને છેવટની હદે જવા તૈયાર હતા. પોતાની પાસે જે કૈ બધુ છે તે ન્યોછાવર કરવા તૈયાર હતા. શંભુના આ સંવાદો આશ્ચર્ય પમાડે તેવા છે- "ગાંવ મે કીત્તી ઓરત જબ દેખો પેટ સે....ઘર ભર કે બચ્ચેં સબકે યહાં, ઔર એક યે ધનવંતી દેખો, પતા નહીં કહાં સે બૂરી નજર..." બાળક પ્રાપ્તીની લાલસા માણસને કયાંય પહોચાડી દે છે. શંભુ સંર્પૂણ દોષ પોતાની પત્નીને આપે છે. કેમ શંભુને પોતાને પણ બુરી નજર ન લાગી શકે? શંભુમા પણ કોઇ ખામી હોઇ શકેને? માત્ર સ્ત્રીને જ દોષનુ ટોપલુ માનવુ એ ખોટુ પણ સાબિત થઇ શકે?

એ જ દિવસોમા શંભુ ફર્ટિલિટી સેન્ટરમાં લાંબી અને ખર્ચાળ ટ્રીટમેન્ટ ચલાવે છે. એ દરમિયાન ધનવંતી અને શંભુને ત્યાં સોનાનો સુરજ ઊગ્યો તે આ જુગન. ધનવંતી અને શંભુની ખુશીનો કોઇ પાર ન રહ્યો. જુગન ત્રણ વર્ષનો હતો ત્યારે તે જીવલેણ બિમારીનો ભોગ બને છે. આથી ધનવંતી અને શંભુના જીવનનો સૂર્ય અસ્ત થવા પામ્યો. લાખી અને ધનવંતીની હાલત બગડી ગઇ. દવા માટે શંભુ અને વાર્તા કથકના બાપુજીએ અનેક પ્રયત્નો કર્યા. ધનવંતીને ખેંચ આવી જાય છે તે પાગલ જેવી બની જાય છે. હવામાનમાં પલટો આવે છે. વળી જુગનને દવા મળવાથી નવો જન્મ પ્રાપ્ત થાય છે. હવે જુગનને શંભુ વતનમા લઇ જાય છે. હવે ધનવંતી અને શંભુ દરેક માતાપિતાની જેમ અનેક સ્વપ્નો સેવે છે. જુગનને કોલેજ ભણાવીશું, એંન્જિનિયર બનાવીશું, ડોકટર  બનાવીશુ......

આ જ જુગન સમાજ માટે ખતરારૂપ સાબિત થાય છે. અખબારમાં ધનંજયને ફાંસી થઇ હતી. બાર-ચૌદ વર્ષની છોકરી પર બળાત્કારનું કૃત્ય કરવા બદલ. એવું જ હલકુ કૃત્ય જુગને આચર્યુ. અગિયાર વર્ષની બાળા પર કુકર્મ કરી એને ગળુ દાબી મારી નાખવાનું.

ધનવંતીના પગ નીચેથી ધરતી ખસી ગઇ. જે પુત્ર માટે અનેક યાચનઓ ભોગવી, જેની માટે હજારો સપના સેવ્યાં એ જુગનનું આવુ હલકુ કૃત્ય? જુગનને કોઇ હક્ક ન હતો એ બાળકીની ઇચ્છા વિરુધ્ધ કર્મ કરવાનો. જે કર્મની અંતિમ સજા “મૃત્યુદંડ” જ હોઇ શકે.

‘છેક આવો માણસ....!’ વાર્તા રહસ્ય ગર્ભની વાર્તા છે. વાર્તા નાયિકા પ્રિયંકા માતાપિતાને જણાવી દે છે કે મારે પરિમલ સાથે કોઇ સંબંધ રાખવો નથી. પ્રિયંકા એ રોતલ નહિ આજના વિચારો રાખવાવાળી યુવતી છે. એ સ્વાભિમાની છે. પોતાના અહમને પોષનારી છે. અત્યાર સુધી પોતાને માટે છ થી સાત છોકરાઓને નાપસંદ કરી ચૂકી છે. માતાપિતાની આજ્ઞા વડે નહીં પરંતુ, પોતાની મુજબ જીવન જીવનારી છે. એનુ પોતાનુ જગત છે. અને એ જગતના નિર્ણયો પોતે કરનારી છે, નહીં કે બીજુ કોઇ.

પ્રિયંકા- પરિમલ વચ્ચે એવી કઇ ઘટના બની છે જેને કારણે પ્રિયંકા આ સગપણ તોડી નાખવા માંગે છે. પ્રિયંકાનો આ નિર્ણય પરિવારજનો માટે એક વણઉકેલાયેલો કોયડો બની જાય છે. માતાપિતા પ્રિયંકાને સમજાવવાની કોશિશ કરે છે. પરંતુ પ્રિયંકાએ તો નન્નો જ ભર્યો છે. કોઇ વાતે એ માનવા તૈયાર નથી. પરિમલ સાથે સંબંધ તૂટવાથી એને કોઇ ઝાઝી અસર થઇ નથી. એ હળવીફૂલ અને આત્મવિશ્વાસથી ભરીભરી છે. પોતે સેમિનારમાં જાય છે. ભાઇ સાથે મસ્તી કરે છે. સંગીત સાંભળે છે.

વાર્તાના અંતમા બીજી એક એવી ઘટનાનુ આલેખન થયુ છે જેને કારણે પ્રિયંકાનુ હૃદય દ્રવી ઉઠે છે. બને એવુ છે કે રસ્તામાં પતિ-પત્ની વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હોય છે. અચાનક એ પુરુષ પોતાની ગર્ભવતી સ્ત્રીના વાળ ખેચીંને થપ્પડ લગાવી દે છે. આ ઘટના પ્રિયંકાના કુમળા માનસને ચકનાચૂર કરી મુકે છે. એક ગર્ભવતી સ્ત્રી પર હાથ ઉચકતા પણ આ પુરુષ સમાજ સંકોચ અનુભવતો નથી.

આથી જ સમયનો લાગ જોઇને મમ્મા તેને પૂછી બેસે છે . શુ થયુ બેટા? ત્યારે પ્રિયંકા ઘટનાસ્ફોટ કરે છે. તે દિવસે પરિમલે ખૂણામા સૂતેલી પ્રેગનન્ટ કૂતરીને, જે કોઇને નડતી પણ ન હતી એવી કૂતરીને

એટલી જો...ર....થી....લાત મારી. છેક આટલી અધમ કક્ષાએ ગયેલો માનવી કે જેમા માનવતા નથી રહેલી એવી વ્યકિત સાથે પ્રિયંકા કેવી રીતે જીવી શકે? એવી વ્યકિત પાસે કઇ અપેક્ષા રખાય? જે વ્યકિત એક મૂંગા પ્રાણીની કિંમત નથી કરી શકતો એવો માણસ એક છોકરીની લાગણીને કેવી રીતે સંતોષશે?

'સાતમો મહિનો' વાર્તાની નાયિકા ગર્ભવતી છે. સાતમા મહિનામાંથી તે પસાર થઇ રહી છે. વાર્તાની શરૂઆત નાયિકાના ગર્ભાવસ્થાથી માંડીને પ્રસૂતી સમયના માનસિક સંચલનોથી થાય છે. નાયિકાના મનમા નિકાહના દિવસથી જ ગર્ભાવસ્થાનો ડર રહી ચૂક્યો હતો. આ સમય દરમિયાન પેટમાં કશું ટકે નહીં. શરીર કઢંગુ લાગે. બેચેની રહ્યા કરે. નાયિકાની મનઃસ્થિતિ એવી છે કે "બાળકને જન્મ આપવાની આનાથી બીજી કોઇ સારી રીત ન હોઇ શકે?" નાયિકા સતત મૂંઝવણ અનુભવે છે કે બાળકને મોટુ કરવામા કેટલી કાળજી રાખવી પડે. એની લાગણીને સમજવી પડે. વળી એને એકલા હાથે જ મોટુ કરવાનુ.

ખરેખર તો બાળકને જન્મ આપવો એ કેટલું કપરું કાર્ય છે. એક સ્ત્રીની વેદના એક સ્ત્રી જ સમજી શકે. કેટલુ કષ્ટ. એક જીવમાંથી બીજા જીવને જન્મ આપવો એ કાંઇ નાનીસૂની ઘટના નથી.

વાર્તાની શરૂઆતમાં નાયિકાની માનસિક સ્થિતિનું આલેખન થયેલુ છે. જ્યારે વાર્તાના અંતમાં મનુષ્યની કંગાલિયતાનું આલેખન થયુ છે. વાર્તાને અંતે જે ઘટના આલેખાઇ છે તે હૃદયદ્રાવક છે. એક દિવસ રસ્તા અચાનક સૂમસામ થઇ જાય છે. એક ચકલૂંય ફરકતુ નથી. પશુ-પંખીયે ચેતી ગયા છે. ચોતરફ ગંધ આવે છે તે તો કેવળ અઢળક લાસોની-ચિતાઓની. ટોળાં રસ્તા પર આવી ગયા છે બદલો લેવા. નાયિકા ઓરડીમા એકલી જ છે. અને આજુબાજુ યે કેવળ સ્ત્રીઓ જ છે. એનો સૌહર રોટલો કમાવા બહાર ગયો છે. એ ક્યાં છે અને ક્યારે આવવાનો છે એનો કોઇ અતોપતો નથી. માત્ર પાડોશીની ભત્રીજી રઝિયાનો જ સાથ છે. આવા નાલોશીભર્યા વાતાવરણમાં રઝિયા એની ઓરડીમા આવે છે. જ્યારે નીચેની ઓરડીમાંથી સ્ત્રીઓની કારમી ચીસો સંભળાય છે. એમની સાથે ટોળાના લોકો શું કરી રહ્યા છે એ કહેવાની જરૂર નથી. એ ટોળુ માનવતાની વિરુદ્ધ છેલ્લી હદ સુધી પહોચી ગયું છે. રઝિયા ખૂબ જ ડરી ગઇ છે. તેના પગ થરથરવા લાગે છે. એવા સમયે રઝિયાના આ ઉદગારો કેટલા હૃદયદ્રાવક બની ઊઠે છે : "ટોળાયે અંતે તો માણસોનાં જ ને? બે જીવી સ્ત્રી જોઇને એમને એમની મા યાદ નહીં આવે?" રઝિયાએ સલામતી માટે બારણાં પાસે ખુરશી અને તેની ઉપર લોટનો તથા ચણાનો ડબ્બો મૂકી દીધો છે. એવામા આખુ ટોળુ બારણું તોડીને ઓરડીમા આવી ગયુ. એ ટોળામા લાગણી નામનુ તત્ત્વ જ ના જોવાયુ. બેજીવી સ્ત્રી ને મારી નાખી. ને સાથે રઝિયાના શરીરને ચૂંસી લીધુ. શ્વાસ રુંધાવાથી તે

મુત્યુ પામી છે. લગભગ બધુ જ બળીને ખાખ થઇ ગયુ. ખોલીઓ, મનુષ્યો અને સાથેસાથે માનવતા.......

છેલ્લે જ્યારે મરણારની નોંધની થાય છે ત્યારે કામથી દૂર ગયેલા પુરુષો પાછા આવ્યા હોય છે. એમની પાસે આંસુ સિવાઇ કશુંય બાકી રહ્યું નથી. નોધણી કરનારને કોઇ કહે છે અહીં બે જણ હતા. એની બીવી અને પાડોશની રઝિયા. ત્યારે નાયિકાનો પતિ જવાબ આપે છે બે નહીં ત્રણ. ત્યારે સૌ આશ્ચર્ય પામે છે. મારી પત્નીના પેટમા સાત માસનું બાળક પણ હતુ. કેટલી મોટી કરુણતા. માનવતાના દુશ્મનો આટલી હદે જઇ પહોચ્યા. બેજીવી સ્ત્રીના પેટનેઇ જોઇ શક્યા નહીં.

‘કમળપૂજા’નુ કથાવસ્તુ અનૈતિક સબંધોની પરીપાટી પર ગૂંથાયેલુ છે. વાર્તામાં પરસુ, વાસુ અને રમણ- ત્રણ ભાઇઓની કથા આલેખાઇ છે. પરસુ એક ઓરતના માથે હથોડો મારે છે જ્યારે રમણ અને વાસુ કોઇ આવે ન એનુ ધ્યાન રાખે છે. કામ પુરું થયા પછી ત્રણેય આ પ્રદેશ છોડીને બસમા જતા હોય છે ત્યારે વાર્તા flashback માં જાય છે.

પરસુ, રમણ અને વાસુ ત્રણેયનો બાપ જેલમા છે. આથી ઘરની જવાબદારી મા પર આવી જાય છે. ઘરમાં એવા પૈસા નથી કે એવી કોઇ આવક નથી કે ઘરનુ પુરું કરી શકાય. આથી તેમની મા છેવટનો માર્ગ અપનાવે છે. તે કદમ નામના વ્યકિત સાથે સંબંધ રાખે છે. કદમ ઘરની દરેક જરૂરિયાત પુરી પાડે છે. લોકો પરસુને મા વિશે ગંદી-ગંદી વાતો કરે છે. આથી પરસુ ગુસ્સે થાય છે. તે માને કદમને ઘરમા ન ઘાલવાનુ કહે છે. ત્યારે મા જવાબ આપે છે : “તો પછી ઘરમા ચૂલો કેવી રીતે સળગશે?” માની કદમ માટેની લાગણી પરસુને આંખમા ખચકે છે. ગણેશ ચોથના દિવસે ઘરમાં લાડુ બનાવાય છે. લાડુના પૈસા કદમકાકાએ આપ્યા હોવાથી પરસુ એ લાડુને અડકતો પણ નથી. તેને મન લાડુાને માતા બન્ને ભ્રષ્ટ છે. પરસુ પોતાને ઘરનો મોભી માને છે. ઘરની ઇજ્જત ન જાય ને લોકો વાતો કરતા અટકે એ માટે પરસુ ભાઇઓ સાથે મળીને માતાના માથામાં હથોડો મારીને ભાગી બેસે છે.

પરસુની માએ પોતાની ભૂખ સંતોષવા અનૈતિક સંબંધ બાધ્યા ન હતા. પોતાના બાળકો ભૂખ્યા ન રહે અને તેમને ભોજન મળી રહે, ક્યાંય હાથ ફેલાવવો ન પડે એ માટે સંબંધ બાંધ્યો હતો. પરસુ માતાની ભાવનાને સમજી શકતો નથી અને તે તેના સમગ્ર અસ્તિત્ત્વને મટાવી દે છે.

‘માટીના પગ’ વાર્તાના કથાતંતુનો દોર રેવતીના હાથમા છે. રેવતી સુશિક્ષિત સ્ત્રી છે. આદર્શવાદી પિતાને ત્યાં પાલણપોષણ થયું છે. સાસરીમાં પોતાના આદર્શોને તાળા વાગતાં પતિનું ઘર

છોડીને આવતી રહી છે. પતિનો અપ્રમાણિકતાથી કમાયેલો એક રૂપિયો પણ તે શાખી શકી નહીં. રેવતી મૂલ્યોમાં ન બાંધછોડ કરનારી સ્ત્રી છે.

રેવતીના નાનાકાકાની દીકરી પારુલને ત્યાં દિકરાનો જન્મ થયો હોય છે. એ છતા પતિ રસેસ તેને જોવા સરખોય નથી આવતો. કેમકે રસેસને સાસરીમાથી ધંધા માટે પંદર લાખ રૂપિયા જોઈએ છે. સાસરીમાંથી પાછી આવેલી દીકરીની નાનાકાકાએ સોનોગ્રાફી કરાવી હતી. આથી રેવતી ગુસ્સે થાય છે. જો કદાચ પારુલને દિકરી હોત તો? શું નાનાકાકા દીકરીના એ નાના માટીના પગને ફગાવી નાખત? વેરવિખેર કરી નાખત? રેવતીને નવાઇ તો ત્યારે લાગે છે જ્યારે તેના ગાંધીવાદી પિતાએ આ વાતનો કહેવા પુરતોય વિરોધ ન કર્યો. રેવતીએ ચામડી ફાડીને જોયુ તો છેવટે બધાયનું લોહી સરખુ લાગ્યું. રેવતી માત્ર ગુસ્સા દ્વારા જ પોતાની પ્રતિક્રિયાઓ આપે છે.

ખુદ રેવતીનો જન્મ કેવી રીતે થયો છે એ ઘટના પણ લેખિકાએ કરુણતાપૂર્વક મૂકી આપી છે. રેવતીની માતા કમળા ત્રીજા મહીનામાંથી પસાર થાય છે. એવા સમયે જ ઘરના બધા સભ્યો આઝાદીની લડતમાં જેલમાં ગયા હોય છે. ઘરમાં વાસણ ઠાલા પડેલા હોય છે. આથી સાસું વિચારે છે કે કમળાને છોકરી આવી તો? એક સ્ત્રી જ શા માટે બીજી સ્ત્રીની દુશ્મન? કમળાને પેટનો ભાર હલકો કરવા માટે સાસુ અનેક ઔષધીઓ આપે છે. પરંતુ ગર્ભપાતમાં તે નિષ્ફળ જાય છે. અંતે સાસુ પોતાના હથિયાર હેઠા મૂકી દે છે. ને કમળાને ત્યાં રેવતીનો જન્મ થાય છે. સાસુ જેલમા સુધ્ધાયે ખબર આપતી નથી. કારણકે દીકરીનો જન્મ થયો હતોને? જો દિકરો જન્મ્યો હોત તો સ્થિતી અલગ હોત? જોરજોરથી ઢોલ વગાડીને વધામણી થાત, પેંડા વહેચાત. છેવટે સાસુ એટલુ તો કહે છે....પણ છોડી બહુ....કશું હાથે ન લાગ્યું તો મન મનાવવાની આપણાં સમાજની આ બહુ જુની ટેવ છે. સૌથી મોટી વાત એ છે કે માતાએ પોતાની આછી પાતળી સ્થિતીમા રેવતીને ભણાવી અને પગભર કરી. ગાંધીવાદી વિચારસરણીવાળા પિતા તો ક્યારેય ઘરમાં રહ્યા નથી. રેવતીની સંપૂર્ણ જવાબદારી માતાએ વહોરી છે. આપણાં સમાજમાં પિતા કેવળ “પિતા” બની રહે છે. જવાબદારીના કોઇ વાહક નહીં.

‘માટીના પગ’ વાર્તામાં સ્ત્રીભ્રુણ હત્યાના પ્રશ્નને લેખિકાએ વાચા આપી છે. એ પગ કેવળ માટીના નથી બનતા પરંતુ એ માટીના પગ ધારે તો આખેઆખા પરુષસત્તાક સમાજને રફેદફે કરી નાખે એવા છે.

‘પ્રલય’ વાર્તા રહસ્યમય છે. માનસીના જન્મથી મૃત્યુપર્યંતનું કથાવસ્તુ વાર્તામાં આલેખાયુ છે. માનુનું બાળપણ લાડકોડથી ઉછેરાયું છે. મા માનુની નાનામાં નાની કાળજી રાખે છે. માતાનુ જીવન

માનુ માટે છે. પિતા માતાનો અઢળક પ્રેમ જોઈને આશ્ચર્ય પામે છે. માનુને ભણવા માટે બહાર મોકલવાની હોય છે ત્યારે માતાના જીવનમાં આભ તૂટી પડે છે. એ વિરોધ કરે છે. છતા માનુ અને પિતાની હઠ સામે માતાના હથિયારો હેઠા પડે છે. મા જરૂરિયાતની દરેક વસ્તુ કાળજી પૂર્વક મુકી આપે છે. પુત્રી પોતાનાથી દૂર થતા માતાનું મન વલોવાય છે. એ એકલી રહેશે ત્યાં પોતાનુ કોઇ મળે નહીં. થોડો સમય માતા માનુ પાસે રહી પણ આવે છે. પરંતુ માતાનુ મન માનતુ નથી. માનુ કોઇ મુશ્કેલીમા હોય એવુ સતત લાગ્યા કરે છે. ઘર આવીને તે બેચેની અનુભવ્યા કરે છે. એક દિવસ સવારે માનુની હોસ્ટેલમાંથી ફોન આવે છે. માનસીએ આત્મહત્યા કરી છે. માના પગમાંથી જમીન ખસી જાય છે. મા ખૂબ જ આક્રંદ કરવા લાગે છે. તેનુ મન માનવા તૈયાર જ નથી કે માનસી આત્મહત્યા કરી શકે? છેવટે આ મોત રહસ્યમય જ રહે છે. અનેક પ્રશ્નોના જવાબ માનસીના મૃત્યુ નીચે દબાઇ જાય છે.

વાર્તાના અંતમાં એક ઘટનાનું આલેખન થયેલું જોવા મળે છે. કેતકીએ પેટની દીકરીને અર્બોશન કરાવીને કાઢી નખાવી. વાર્તાના અંતમાં ભ્રુણહત્યાનો પ્રશ્ન જે લેખિકાએ મૂકી આપ્યો છે તે સોચનીય છે. કેતકી આ શહેરમાં માનસીની માતા સિવાઇ કોઇને ઓળખતી નથી. પોતાના મનની ગડમથલ તે માનુની માતાને કહે છે કે પોતે અર્બોશન કરાવીને પેટમાંથી દીકરી કઢાવી નાખી. વાર્તાની આ ઘટના ભાવકના મનમાં અનેક પ્રશ્નો જગવે છે. માનુની આત્મહત્યા પાછળ કદાચ આ પરિબળ તો જવાબદાર નહિ હોય??

સંગ્રહની મુખ્ય અને વિશિષ્ટ વાર્તા એટલે ‘ગર્ભગાથા’. વાર્તાની વિશિષ્ટતા એ છે કે વાર્તાની શરૂઆતમાં જ વાર્તામાં આવનાર પ્રયુકિત વાર્તામાં વાર્તાનો સર્જક કરી આપે છે. ‘ગર્ભગાથા’ વાર્તાની નાયિકાની વિશેષતા એ છે કે એ માતાના ગર્ભમાં છે. વાર્તાની શરૂઆતમાં સુલતાનની વાર્તા આવે છે. એ વાર્તામાં શાહજાદીનો પ્રશ્ન જીવન-મૃત્યુનો છે તેમ વાર્તા નાયિકા અસ્તિનો પ્રશ્ન પણ પોતાના અસ્તિત્વનો જ રહ્યો છે.

વાર્તા નાયિકા અસ્તિની માતા રેવતીને બે બાળકી ઉપરાંત ગર્ભમાં ત્રીજી બાળકીનો ગર્ભ ફૂટી નીકળ્યો છે. આથી મૃત્યુ સિવાઇ એ ગર્ભનો કોઇ ઉધ્ધાર નથી. કેમકે બાળકના જન્મ પહેલા માતાના ઉદરમાં તે સ્ત્રી છે કે પુરુષ તે જોઇ જો તે સ્ત્રી હોય તો તેનું મૃત્યુ. કારણકે એ ગર્ભને વાચા નથી,એ કંઇ બોલવાનુ નથી. માત્ર મુંગુમંતર સહન કરવાનું. વાર્તાનાયિકા અસ્તિ સાધારણ બાળકી નથી. એને જીવવું છે. જગતમાં આવી પગલું માંડવું છે. અસ્તિ એ શકિતશાળી ગર્ભ છે. આથી પોતાના અસ્તિત્વ માટે અસ્તિ ગર્ભમાંથી જ માતાને કેટલીક વાર્તાઓ કહે છે.

અસ્તિ પોતાની માતાને પહેલી વાર્તા વડનાની સરસ્વતીની કહે છે. સરસ્વતી બેત્તાળીસ વર્ષની વયે આત્મહત્યા કરે છે. વિધવા જીવન અને અભાવોની વચ્ચે જીવતી સરસ્વતીનો પગ વેપારીના કૂંડાળામાં પડી જાય છે. પોતે પેટનો ભાર વેઢી શકે એમ નથી. વેપારી સંપૂણ જવાબદારી લેવા તૈયાર હતો. પરંતુ સરસ્વતી દીકરીનો સંસાર ન ભાંગે તે માટે આગળ વધતી નથી. આથી ગામ અને સમાજના ડરથી છેવટનો માર્ગ પસંદ કરી આત્મહત્યા કરે છે.

અસ્તિ પોતાની માતાને બીજી વાર્તા નાનીમાની કહે છે. સરસ્વતીની ભૂલનો ભોગ તેની દીકરી બને છે. ગામ અને સમાજના મ્હેણા-ટોણાથી તે અળગી રહી શકતી નથી. કારણકે તેણે સ્ત્રી તરીકે જન્મ લીધો હતો. આથી સમાજના કુરિવાજો તેણે સહન કરવાના જ. નાનાએ પોતે સારા હોવાનું એક મ્હોરું પહેર્યું હતું. પોતે સ્વભાવે શંકાશીલ હતા. જ્યારે નાનીમા સહજ અને જીવનને માણનારા હતા. પરંતુ નાનાનુ આ રૂપ સૌથી અજાણ હતું.

ત્રીજી વાર્તા અસ્તિ પાર્વતીમાસીની કહે છે. દાસભાઇએ બ્રહ્મચર્યનું વ્રત લીધુ હતુ. આથી પાર્વતીમાસી બાળકના સુખથી વંચિત રહ્યા હતા. પાર્વતીમાસીએ પણ કોઇપણ પ્રકારના વિરોધ વગર પોતાની લાગણીને દૂર થકેલીને પતિની લાગણીને સ્વીકારી હતી. અને પતિને કારણે વાંઝિયા હોવાનું મ્હેણું પણ સહન કરવુ પડતું. પોતાના જીવનની અધૂરી રહેલી અપેક્ષાઓ પાર્વતીમાસીને ગોદાવરી નામની બિલ્લી દ્વારા પ્રાપ્ત થાય છે. દીકરી જેટલું જ વહાલ એના પર વરસાવે છે.

એક દિવસ અચાનક ગોદાવરી ક્યાંક અલોપ થઇ જાય છે અને તેની શોધ આદરે છે. અચાનક દસ દિવસ પછી ગોદાવરી પાછી આવે છે. ગોદાવરી સાથે એક બિલાડો પણ આવે છે. આથી પાર્વતીમાસીને હરખ બેવડાઇ જાય છે. ગોદાવરી ત્રણ બાળકોને જન્મ આપે છે. સમયજતાં ગોદાવરી પોતાની સ્વભાવગત લાક્ષણિકતા મુજબ શિકાર કરે છે. આથી અહીંસામાં માનનારા દાસભાઇને ગોદાવરી માટે પ્રશ્નો સર્જાય છે. એટલે તેઓ પત્નીને સ્પષ્ટપણે સંભળાવી દે છે કે "એ શિકાર કરવાનું છોડી દે, કાં ઘર છોડીને ચાલી જાય." એક દિવસે દાસભાઇએ ગોદાવરીના બચ્ચાને લાકડી વડે ફેક્યું. આથી પોળના કૂતરા બચ્ચાને લઇને ભાગી જાય છે. આ બધુ પાર્વતીમાસી જોઇ જાય છે. ગોદાવરીની ચીસો એમનાથી સહનન થતી નથી. આથી તેઓ પોતાનુ મગજ ખોઇ બેસે છે. દાસભાઇ પાર્વતીમાસીને મંદબુદ્ધિના આશ્રમમાં મૂકી આવે છે.

અહિંસાના પૂજક એવા દાસભાઇ જાણ્યે-અજાણ્યે અહીંસા કરી બેસે છે. પાર્વતીમાસી જે પરિસ્થિતીમાં મૂકાય છે એના પૂરેપૂરા જવાબદાર દાસભાઇ છે. દાસભાઇએ પાર્વતીમાસીને જીવનપર્યંત કોઇ ખૂશી આપી શક્યા નથી. જે ખૂશી મળી હતી એ પણ તે છીનવી લે છે.

ચોથી વાર્તા અસ્તિ પોતાની માતાને સુનીતાન કરે છે. મજૂર પિતાની દીકરી સુનીતાના આગવા સ્વપ્નો છે. તેને ખુલ્લા આકાશમાં ઉડવું છે. સપનાઓ જોવા ગમે છે. સારાં દેખાવવું ગમે છે. પોતાના સપનાઓ સાકાર કરવા છે. ઈશકૃપામાં કામ કરવાં જતી સુનીતા વૉચમેનનાં પ્રેમમાં પડી જાય છે. એક સાંજે અચાનક સુનીતા ઘૂમ થઈ જાય છે. અદશ્ય થયેલી સુનીતા એક દીવસ ટી.વી પર ચમકે છે. એ પણ દિલ્હીના ડાન્સબારના લાઈવ કાર્યક્રમમાં. સુનીતાને એક સામાન્ય યુવતીમાંથી બાર ડાન્સ ગર્લ સુધી પહોંચવાડવામાં જો કોઈની મહત્વની ભૂમિકા હોય તો તે વૉચમેનની છે. સુનીતાને તો સપનાઓની દુનીયામાં નાચવું હતું. પરંતુ વૉચમેન સપનાઓની દુનિયા છોડાવીને બારગર્લ બનાવશે તેવુ સુનીતાએ સપનામાં પણ વિચાયું ન હતુ.

પાંચમી વાર્તા રહસ્યમય છે. એક દંપતિ કિલનિક પર આવે છે. ગર્ભપાત માટે. મોઘવારીના સમયમાં જોડકા બાળાકો પોસાય એમ નથી. વળી પોતાના સપનાઓ પૂરા કરવા હજુ બાળકની જરૂર નથી. બધુ સીધી રીતે પતી જાય એમ છે. કોઈને કશી ગંધ પણ આવે નહીં. એ જ સમયે એક ટોળુ કિલનિકમાં દાખલ થાય છે. આ ટોળુ ગર્ભપરિક્ષણ અને ગર્ભપાતના વિરોધમાં આવ્યું હતું. આથી પતિ-પત્નીએ ત્યાંથી ચાલતી પકડી. ફરી ક્યારેક આવવાનુ નકકી કર્યુ. પતિને ઉતાવળ છે બધુ ઝટ પતાવી દેવુ છે. આ ઝંઝટમાંથી જલ્દી છૂટા પડવું છે. પત્નીને નોકરી કરવી છે. જાહેર ખબરોમાં ચમકવુ છે. બાળકીઓને જન્મ આપીને ઘરમાં ભરાય જવું નથી. સમય વહી જતા બાળાઓને જન્મ આપવાના સંજોગો ઊભા થાય છે. પતિને જરાક માટે આખી જીંદગીનો અફસોસ રહીં જાય છે.

વાર્તાનાં અંતમા અસ્તિ જ્યારે એ દંપતિનું નામ કહે છે ત્યારે રેવતીના પગના તળેથી જમીન ખસી જાય છે. એ દંપતિ બીજુ કોઈ નહીં પરંતુ રેવતીના માતા-પિતા હતા. અને તે બાળપણમાં સરી પડે છે. એ પિતાના વાક્યને યાદ કરે છેઃ“ આના કરતાં તો ત્યારે જ…”એ બાળપણનું વાક્ય રેવતીને આજે સમજાય છે કે પોતે તો અભાન અવસ્થામાં આવી પડેલી બાળકીઓ છે.

છઠ્ઠી વાર્તા અસ્તિની ન કહેવાયેલી વાર્તા છે. આ વાર્તા એક ખંડેર “કૂવા”ની છે. આ કૂવામાં અનેક બાળકીઓનાં જીવ ફંગોળાયા છે. આ કૂવો પાપના પ્રતીક સમો બની ગયો છે. પણ કયારેક તો એ પાપનો ઘડો ફૂટેને? એક અંધારી રાતે બે અજાણ્યા એ કૂવા પાસે પહોચી જાય છે. દિવસે ન દેખાય તેવું દશ્ય અંધારામાં જૂએ છે. એ કૂવા પાસે છોકરીઓના હસવાના અવાજ આવે છે, તેમની તાળીઓના અવાજ આવે છે, પગની ઝાંઝરીઓના અવાજ આવે છે. એ પણ હજારોની સંખ્યામાં. આવી અનેક બાળકીઓને આ કૂવામાં દફનાવવામાં આવી છે. કૂવો ભરાય જાય ત્યારે કશુંક તો બોલેને? અંતે કૂવાની સાફ સફાઈ કરાય છે. તેને પુરી દેવામાં આવે છે. પરંતુ કેટલી બાળાઓથી આ કૂવો પુરાયો તેનો કોઈ ચોકકસ આંકડો મળતો નથી. વાર્તાને અંતે એવો જ એક કૂવો બીજો કૂવો મળી આવે છે.

ફેકટરીનું શુભકાર્ય પૂર્ણ થાય છે. પોતાનો સાથ આપવાને બદલે પોતાનાથી દૂર રહેતા પતિ સામે રેવતી નજર પણ મેળવી શકતી નથી. વાર્તાને અંતે અસ્તિ ર્નિભ્રાન્ત બને છે. પોતાને જન્મ આપવો કે નહીં તે નિર્ણય માતા પર છોડે છે. આ વાર્તાઓની નાયિકાઓ પુરુષસત્તા આગળ પાંગળી બને છે, લાચર બને છે. તેમનુ પોતાનુ કોઇ અસ્તિત્વ જ નથી. પુરુષો જેમ નચવે તેમ નાચવાનું હોય છે. તે પુરુષોની ગુલામ છે, દાસી છે. સર્વસત્તાધિષો પુરુષો જ છે.